# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

મુકામ: વિંઝોલ, પોસ્ટ: કાંકણપુર, તાલુકો: ગોધરા, જિલ્લો: પંચમહાલ-૩૮૮૭૧૩.


**નં. એસજીજીયુ/સ્પોર્ટ્સ/૨૦૨૪-૨૫/૭૭૪૨** **તા:૦૯/૦૭/૨૦૨૪**

**પરિપત્ર-**૩૪૨૦

**વિષય : યુનિવર્સિટી કક્ષાની આંતર કોલેજ રમત ગમત સ્પર્ધાઓના આયોજન બાબત.**

શ્રીમાન,

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને/ પી.જી. ઈન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, શારીરિક શિક્ષણના તમામ અધ્યાપકશ્રીઓ/સ્પોર્ટ્સ ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન વિવિધ રમતગમત સ્પર્ધાઓના આયોજન અંગે આગામી **તારીખ ૧૯/૦૭/૨૦૨૪**ને **શુક્રવાર**ના રોજ **સવારે ૧૧:30 કલાકે, સેમિનાર હોલ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ (ગોધરા)** ખાતે **મા.કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ સાહેબ**ની અધ્યક્ષતામાં શારીરિક શિક્ષણના તમામ અધ્યાપકશ્રીઓ/સ્પોર્ટ્સ ઈન્ચાર્જશ્રીઓની એક મિટિંગ રાખવામાં આવેલ છે. સ્પર્ધાઓના આયોજન અંગે યજમાન થવા માંગતી કોલેજોએ આચાર્યશ્રીની સંમતિ સાથેનો પત્ર સાથે લાવવો જેથી વિવિધ સ્પર્ધાનું સુચારુપણે આયોજન થઇ શકે. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સલંગ્ન તમામ કોલેજમાં અભ્યાસ કરતા દરેક ફેકલ્ટીના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી દ્વારા આયોજિત રમતગમત સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લે તેવા પ્રયત્નો કરવા અને વિદ્યાર્થીઓને સ્પર્ધાઓ અંગે જાણ કરવી, જેથી આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ રમતગમતની સ્પર્ધાઓમાં ભાગ લઇ પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કરી શકે. વધુમાં, એવી વિનંતી કરવામાં આવે છે કે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સલંગ્ન તમામ કોલેજમાં શારીરિક શિક્ષણના અધ્યાપકશ્રીઓ / સ્પોર્ટ્સ ઈન્ચાર્જશ્રીઓ વધુમાં વધુ રમત ગમત ક્ષેત્રે પ્રોત્સાહન દર્શાવી દરેક કોલેજ દિઠ શારીરિક શિક્ષણના અધ્યાપકશ્રીઓ / સ્પોર્ટ્સ ઈન્ચાર્જશ્રીઓ હાજર રહેવા અને યોગ્ય કાર્યવાહી કરવી.

કુલસચિવશ્રી

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,

વિંઝોલ (ગોધરા).

**કુલસચિવ**
**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી**
**વીંઝોલ, ગોધરા, ગુજરાત**

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને/ પી.જી. ઈન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રીઓ, શારીરિક શિક્ષણના તમામ અધ્યાપકશ્રીઓ/સ્પોર્ટ્સ ઈન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.